# એ પણ ગઝલ, આ પણ ગઝલ | ડૉ. એસ. એસ. રાહી

[**એ પણ સાચું, આ પણ સાચું...** : રાજેશ વ્યાસ 'મિસ્કીન', પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ-મુંબઈ, પ્ર. આ. ફેબ્રુઆરી ૨૦૦૮, કિં. રૂ. ૬૫/-]

રાજેશ વ્યાસ 'મિસ્કીન' એટલે ગઝલમાં ઓતપ્રોત થયેલું વ્યક્તિત્વ. ગઝલની સાધનામાં રત અને વ્યસ્ત આ ગઝલકારનો પ્રથમ સંગ્રહ 'તૂટેલો સમય' ઈ. સ. ૧૯૮૩માં પ્રકાશિત થયો હતો. તે પછી 'છોડીને આવ તું' (૨૦૦૫), 'કોઈ તારું નથી' (૨૦૦૭) જેવા નકરા ગઝલસંગ્રહો આપ્યા પછી હવે તેઓ 'એ પણ સાચું, આ પણ સાચું...' નામનો ૯૪ ગઝલો અને ૧૨ મુક્તકો સમાવતો નવો સંચય લઈને આવ્યા છે. આ અવલોકન લખાય છે ત્યારે તેમના નવા ગઝલસંગ્રહ 'પહેલી નજર' (૨૦૦૮)ને પ્રકાશનની પાંખ સાંપડી છે.

ગઝલ જેવા રેશમી અને મખમલી સ્વરૂપને પામીને તેને પોતીકો કરવાની દીવાનગી રાજેશની ગઝલોમાં જોવા મળે છે. અભિવ્યક્તિની રીતિ (અંદાઝે-બયાં) અને આકારગત માવજતને લીધે આ સંગ્રહની ગઝલોમાં નિજી પોત પ્રકાશે છે. સ્વકીય મુદ્રા ધરાવતી છતાં સર્જાતી ગઝલની આંશિક તાસીર અને તસવીર પ્રકટ કરતી આ ગઝલોમાં સર્જકકર્મની સભાનતા પણ દૃષ્ટિગોચર થાય છે.

ગઝલની પરંપરા અને આધુનિકતા – બંને પ્રવાહની લાક્ષણિકતાના લસરકાનું અહીં દર્શન થાય છે :

□**એમના માટે સંબંધો વસ્ત્ર છે,**
**એ ત્વચા થાશે નહીં કોશિશ ન કર.** (પૃ. ૨)

□ **શક્ય છે કૂવા ને દરિયાનો ફરક સમજાય કૈં,**
**કોક દી મોજાંઓ સાથે ઊછળી તો જો જરી.**(પૃ. ૨૩)

□ **ગુલાબ કહેતું હતું સાંજના રડીને મને,**
**મળ્યું શું ? ત્હારા આંગણામાં ઊઘડીને મને.**(પૃ. ૩૮)

'મિસ્કીન'ની આ ગઝલોનું એક તત્ત્વ છે તેમાં વ્યક્ત થતી બેફિકરાઈ. વળી બેફિકરાઈમાં ઉમેરાય છે દીવાનગી અને અલગારીપણું. તેમાં શાયરનું અંગત સંવેદન (ગમે-જાનાં) ભળે છે ત્યારે સર્જાય છે આવા શે'ર :

□**એ લખાવે છે ને લખતો જાઉં છું,**
**ગામ છો ગણતું રહે અનપઢ મને.** (પૃ. ૨૫)

□**ભાર ઉતાર્યા પછીની આ દશા,**
**સાવ હળવે રોજ કચડાતો ગયો.** (પૃ. ૪૩)

પરમતત્ત્વને પામવાની આરત તરફ તેમની ગતિ રહી છે તે તેમના તસવ્વુફ રંગના કેટલાક શે'ર દ્વારા ભાવક પામી શકે છે :

□**જાવ ભટકી બહાર શોધીને,**
**રાહ જોતું એ નીકળે ભીતર.** (પૃ. ૧૭)

□**મ્હેલની જાહોજલાલી ભીતરે છે,**
**સાવ વગડામાં ભલે ઘરબાર જેવું.** (પૃ. ૨૬)

□**કેટલું બીજુંય ઊઘડી જાય છે,**
**દ્વાર ખખડાવો છો એવું કૈં નથી.** (પૃ. ૩૭)

□**'મિસ્કીન' નદી જેવું કશું પણ નથી છતાં,**
**ડૂબકી અહીં લગાવું દૂર જઈ ચઢાય છે.**(પૃ. ૮૯)

આ ગઝલોના પ્રણયનિરૂપણમાં સ્થૂળતા નથી, પણ ન દેખાતી સૂક્ષ્મતા છે. આ સૂક્ષ્મતા પકડવા-સમજવા સામે પક્ષે ભાવકે પણ સજ્જ થવું પડે. ઘણું ગોપિત રાખીને કહી દેવાની ક્ષમતા અત્રે છતી થાય છે :

□**ફૂલોના ઝૂમખામાં પરિચિત છે અક્ષરો,**
**જાણે લખ્યો છે કોઈએ કાગળ વસંતમાં.** (પૃ. ૨૨)

□**ઘર ગયું આખ્ખું તણાઈ પૂરમાં,**
**આંખથી વરસ્યું જ્યાં વાદળ આખરી.** (પૃ. ૨૮)

□**શોધવામાં જિંદગી પૂરી થઈ,**
**એક સપનું એવું ખોવાણું હતું.** (પૃ. ૩૦)

□**શ્વાસ કે ઉચ્છ્‌વાસ હો 'મિસ્કીન' અનુભવ આ રહ્યો છે,**
**ફૂલની ઇચ્છા કરી છે ને ઉઝરડાઈ રહ્યો છું.**(પૃ. ૩૩)

આત્મકથાનાં પાનાં જેવી આ ગઝલોમાં પ્રકૃતિ, પ્રણય અને આધ્યાત્મિક ચિંતનની સાથે બાળપણ ખોવાયાની વેદના તેમ વતનરાગ અને વતનનો ઝુરાપો સહજ વ્યક્ત થયા છે :

□**હજુ બાળપણનું એ તોફાની સપનું,**
**મને ચોરવા આવતું વાડ ઠેકી.** (પૃ. ૧૦)

□**આંગણના ગોખલામાં આ કોની વાટ જોતું !**
**અકબંધ કોડિયું છે કુળના ચિતાર જેવું.**(પૃ. ૪૬)

□**ગામ-પાદર-નદી બધું ત્યાં છે,**
**હું શીશીમાં જે રેત લઈ આવ્યો.** (પૃ. ૪૭)

મન જો સ્થિર રહે તો કશું ગુમાવવાનું રહેતું નથી. પણ જ્યારે મન ડહોળાય છે ત્યારે તેમાંથી તો અંતે કશું જ પામી શકાતું નથી. પામવાની વ્યાખ્યા પણ ખોટી પડતી લાગે ત્યારે શાયરની કલમમાંથી કેવો શે'ર ટપકે છે તે જુઓ :

**ક્યાં કશું ખોવાય અંતે ?**
**માત્ર મન ડહોળાય અંતે.** (પૃ. ૫૩)

ચાલીસમા પાને મુકાયેલ 'મન' રદીફ પરની ગઝલ કે પછી પચાસમા પાના પર છપાયેલી 'મનજી' રદીફ પરની ગઝલનાં મૂળ ઉપરનાં શે'રમાં પડેલા જણાય છે. ટૂંકી રદીફમાં લખાયેલી આ બંને ગઝલોનો વ્યાપ ઘણો પહોળો છે.

'પ્રીતમ' રદીફ પરની બંને ગઝલ પણ આ પરિપ્રેક્ષ્યમાં આસ્વાદ્ય છે. તો ૪૮મા પાને છપાયેલી ગઝલ 'સાવ કાચી ઊંઘથી જાગી જવાયું' પ્રયોગલેખે આવકાર્ય છે. જોકે ગઝલના પ્રત્યેક શે'રમાં સાની મિસ્રાનું પુનરાવર્તન થયા કરે એવો પ્રયોગ આ પૂર્વે 'મુહિબ્બ' અને 'આદિલ'

મન્સૂરીએ પણ કર્યો છે. પરંતુ રાજેશે એમાં નવતર ઉમેરો કર્યો છે. ગઝલના પ્રત્યેક શેરના પ્રથમ મિસ્રામાં તેમણે રદીફ-કાફિયાની સાંકળ રચીને ગઝલને નોખું પરિમાણ આપ્યું છે.

પ્રસ્તુત સંગ્રહમાં સમાવાયેલી એક અક્ષરી રદીફ 'જી' પરની ૩ ગઝલો, 'આભાર માન' જેવા વાતચીતિયા રદીફ પરની ૨ ગઝલો, 'એ પણ સાચું, આ પણ સાચું', 'શું છે ? કોક દી તો જાણી જો', 'જુદો હોય છે', 'મળાયું પણ ભળાયું નહીં', 'કોઈ રમતું લાગે', 'સ્વયમ્‌ને છેતરું છું' જેવા પ્રલંબ રદીફમાં લખાયેલી ગઝલકૃતિઓમાં ગઝલની બહર પરના ગઝલકારના પ્રભુત્વનો આછો-પાતળો અંદાજ મળી રહે છે. છતાં ક્યારેક લયપ્રવાહમાં અવરોધ ઊભો થાય કે પછી લઘુ-ગુરુનું સ્થાન આઘુંપાછું થાય તેવું પણ બન્યું છે તેનો નિર્દેશ કરવો અત્રે જરૂરી છે.

કલ્પનાની ઊંડાઈમાં મરજીવા થઈને ડૂબકી લગાવી શે'રિયતનો તાગ લેવાની સાહસવૃત્તિ દાખવતા કેટલાક શે'ર મમળાવવા જેવા છે :

□**થઈ ગઈ ફરી લો આશાની ડાબી રતુંબડી,**
**ફૂટી ગઈ છે કેટલી કૂંપળ વસંતમાં !** (પૃ. ૨૨)

□**શહેર આવ્યું યાદ જંગલમાં અને,**
**કોઈ મધપૂડાની માફક મન ઊડ્યું.** (પૃ. ૫૧)

□**એક બારી જરાક ખૂલી ગઈ,**
**ઓરડો આસમાન થઈ ચાલ્યો.** (પૃ. ૬૦)

ખાલીપો, રિક્તતા, શૂન્યતા એ બધું મનની નીપજ માત્ર છે. તેની સાથે સંકળાય છે જીવનની ક્ષણભંગુરતા. આવા સૂક્ષ્મ ભાવોને શે'રમાં ઢાળીને તેને અર્થસભર બનાવવાનો વ્યાયામ પણ અહીં નજરે ચઢે છે :

□**લાગું દરેક સંધ્યાએ જાતરાનો માણસ,**
**આ આંગણું હવે છે ચારેય ધામ જેવું.**(પૃ. ૪૫)

□**ખૂબ ગંધાય છે હવે પાણી,**
**દોસ્ત ! સરજણનો ઘાટ છોડી દે.** (પૃ. ૫૯)

□**જેણે ઊધઈની જેમ સતત ખોખલા કર્યા,**
**થોડુંક ખોતરો તો કોઈ વાહ નીકળે.** (પૃ. ૮૮)

ગઝલના પરિવેશમાં સંદર્ભમાં બોલચાલની વહેવાર ભાષાનો રાજેશે સર્જનાત્મક વિનિયોગ કર્યો છે. કહેવતો, રૂઢિપ્રયોગો, પુરાકલ્પન અને ઐતિહાસિક સંદર્ભ જેવાં કાવ્યાત્મક ઓજારોને ખપ પૂરતાં વણી લઈને 'મિસ્કીને' ગઝલિયત સિદ્ધ કરવા મથામણ કરી છે :

□**આંખ ખૂલ્યા પછીનો ફરક આટલો,**
**ત્યાં હતાં માત્ર ચક્કર, અઠે દ્વારકા.** (પૃ. ૮)

□**કોઈ નથી રડવાનું પાછળ, આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા,**
**જાણી લે જુઠ્ઠી છે ઝળહળ, આપ મૂએ સબ ડૂબ ગઈ દુનિયા.**(પૃ. ૯)

□**કરી જ્યારે જ્યારે આ દુનિયાથી નેકી,**
**અમે પણ પછી એને દરિયામાં ફેંકી.** (પૃ. ૧૦)

□**વાતોમાં ને વાતોમાં ક્યાં વાટ ખૂટી ગઈ ખબર પડી ના,**
**એ પણ ખ્યાલ રહ્યો ના ક્યારે ઉમ્મર આંટો મારી ગઈ છે.**(પૃ. ૧૨)

□**આ દેહ ગળે, ઝળહળે છે એ પરમ સ્મરણ,**
**'મિસ્કીન' જિંદગી એ સુદામાની ટેક છે.** (પૃ. ૨૭)

□**આ તે કેવું શહેર વસાવ્યું ઓ અહમદશા,**
**આખેઆખું જીવતર લાગે અફવા જાણે.** (પૃ. ૬)

ઉત્તરોત્તર બળવત્તર થતી જતી આ ગઝલોમાં સર્જકની લયસભાનતા અને સરળ અભિવ્યક્તિ ધ્યાન ખેંચે છે. એમની અભિવ્યક્તિક્ષમતા કૉમ્પેક્ટ ડિસ્ક જેવી છે. એમના શ્વાસ-ઉચ્છ્‌વાસમાં ધબકતો પ્રેમનો લય અહીં ગઝલનું રૂપ પામ્યો છે. ભાવની સ્વચ્છતા અને સરળતા એમની ગઝલોને પૂર્વકાલીન ગઝલકારોની ગઝલોથી જુદી પાડે છે.

અંતમાં, એટલું નોંધવું જોઈએ કે ભીતરમાં ઢબુરાયેલા સંશયને તેઓ અવારનવાર પ્રગટ કરે છે ત્યારે કેટલાક શે'ર જોખમાય છે. 'ભીતર'નું બળકટ આલેખન એ એમની સિદ્ધિ છે તો તેનું વળગણ એ આ ગઝલોની મર્યાદા પણ બની રહે છે.

આમ છતાં, કાર્ય-કારણભાવ, વિરોધોની ટેકનિક, અર્થનાવીન્ય અને તાજગી પ્રકટાવતી મારા સમકાલીન ગઝલકવિની આ ગઝલોનું ગઝલદરબારમાં સ્વાગત કરું છું.